# અગ્નિ-૫ બેલાસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ

બાલાસોર, તા.૩૧

ભારતે સ્વદેશમાં વિકસિત અને લાંબા અંતરે વાર કરવા માટે સક્ષમ અગ્નિ-૫ બેલાસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે. ભારતમાં આકાર પામેલી અગ્નિ-૫ મિસાઈલનું ડીઆરડીઓએ આજે સવારે ઓડિસાના બાલાસોર ખાતે ત્રીજીવખત સફળ પ્રક્ષેપણ કર્યું હતું. ભારતમાં સ્વદેશી રીતે નિર્મિત અગ્નિ ૫ મિસાઇલનું બાલાસોર તટ પરથી આજે સફળ પરિક્ષણ કરવામાં આવ્યું હતું. ૫૦૦૦ કિમીથી વધુ અંતર સુધી પરમાણઉ શસ્ત્રો વહન કરવાની અને તેના પ્રહાર કરવાની ક્ષમતાધરાવતું આ બેલાસ્ટિક મિસાઇલને મોબાઇલ પ્રક્ષેપણ સિસ્ટમથી છોડવામાં આવ્યું હતું. અગ્નિ-૫ ભારતનું પ્રથમ બેલાસ્ટિક મિસાઇલ છે, જે ૫૦૦૦ કિમીના અંતર સુધી પ્રહાર કરી શકે છે. અમેરિકા, રશિયા, ફ્રાન્સ અને ચીન બાદ ભારત દુનિયાનો પાંચમો દેશ છે કે જેની પાસે આ બેલાસ્ટિક મિસાઇલ છે. યોગાનુંયોગ અગ્નિ સિરિઝ મિસાઇલ વિકસિત કરવા માટે અગ્નિમેન તરીકે ઓળખાતા ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશના (ડીઆરડીઓ)ના વડા અવિનાશચંદ્ર પણ આ દિવસે પદમુક્ત થઇ રહ્યા છે, કારણ કે, સરકારે ડીઆરડીઓ ચીફ તરીકેનો તેમનો કોન્ટ્રાક્ટ સમાપ્ત કર્યો છે.

ડીઆરડીઓએ ચાર વર્ષમાં આ મિસાઇલતૈયાર કર્યું છે અને તેમની પાછળઅંદાજે ૫૦ કરોડનો ખર્ચ થયો છે. આ



મિસાઇલનું વજન ૫૦ટન અને તેની લંબાઈ૧૭.૫ મિટર છે. આ મિસાઇલ એક ટન પરમાણુ શસ્ત્રો લઇ જવાની ક્ષમતા ધરાવે છે અને ૨૦ મિનિટમાં ૫૦૦૦ કિમીનું અંતર કાપી શકે છે. ચીન અને યુરોપના તમામ સ્થળો આ મિસાઇલની રેંજમાં આવે છે. અગ્નિ-૫ બેલાસ્ટિક મિસાઇલ દુશ્મન રાષ્ટ્રોના સેટેલાઇટનો નાશ કરવાની પણ ક્ષમતા ધરાવે છે. આ અગાઉ આ મિસાઇલનું બે વખત સફળ પરીક્ષણ કરવામાં આવી ચુક્યું છે. ૧૯ એપ્રિલ ૨૦૧૨નારોજ તેમનું પ્રથમ પરિક્ષણ કરવામાં આવ્યું હતું. જ્યારે ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ તેનું બીજું સફળ પરીક્ષણ કરાયું હતું. માત્ર વડાપ્રધાનના આદેશ બાદ જ આ મિસાઇલ છોડી શકાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઓરિસ્સા સમુદ્રકાંઠાની નજીક વ્હિલર દ્વીપ પર મિશનની અગાઉથી ઘણી તૈયારીઓ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આ બેલાસ્ટિક મિસાઇલના પ્રક્ષેપણથી સુરક્ષા દળની તાકાતમાં વધારો થશે.

## દિલ્હીમાં "આપ"નો ચુંટણી ઢંઢેરો જાહેર : દરેક બસમાં હોમગાર્ડ હશે

નવી દિલ્હી, તા. ૩૧

દિલ્હીની વિધાનસભાની ચૂંટણી માટે આમ આદમી પાર્ટી દ્વારા ચૂંટણી ઢંઢેરા (મેનિફેસ્ટો)ની જાહેરાત કરી દેવામાં આવી છે. આમા ૭૦



સૂત્રીય એક્શન પ્લાનની ઘોષણા કરવામાં આવી છે. આ ચૂંટણી ઢંઢેરામાં મહિલા સુરક્ષા અને વડીલોની સુવિધા પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. આ સિવાય મોંઘવારી, લાંચ, બાળકોનું શિક્ષણ, યુવાનોના રોજગાર તેમજ વેપારીઓને વિશેષ સુવિધા જેવા મુદ્દાઓ પણ આવરી લેવાયા છે. શનિવારે સવારે આમ આદમી પાર્ટી (આપ) દ્વારા ચૂંટણી મેનિફેસ્ટો જાહેર કરવામાં આવ્યો હતો. ઢંઢેરો મુકતી વખતે કેજરીવાલે કહ્યું હતું કે, ભાજપને દિલ્હીની સમસ્યાઓ અંગે ખબર નથી. એટલે તેમણે ઢંઢેરો બહાર નથી પાડ્યો, તેઓ શરમ અનુભવે છે. ખે આપના કહેવા પ્રમાણે, આ ઢંઢેરો અમારા માટે ગીતા, બાઈબલ અને મહિલા સુરક્ષા છે. આ ચૂંટણી ઢંઢેરો આશિષ ખેતાન દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. અરવિંદ કેજરીવાલે ચૂંટણી ઢંઢેરામાં કરેલા વાયદાઓ પ્રમાણે દિલ્હીમાં જન લોકપાલ બિલ આવશે તેમજ સ્વરાજ બિલને પણ મંજુરી આપવામાં આવશે. આ સિવાય દરેક વીજળી કંપનીઓનું ઓડિટ કરાવવામાં આવશે તેમજ સબસિડીઓની મદદથી તાત્કાલિક ધોરણે વીજળીના દર અડધા કરાશે. આ સિવાય દરેક ઘરોમાં મહિનાનું ૨૦ હજાર લીટર પાણી નિઃશૂલ્ક આપવામાં આવશે. કેજરીવાલે દિલ્હીને પૂર્ણ રાજ્યનો દરજ્જો અપવવાનો પણ વાયદો કર્યો છે. દિલ્હીમાં ૨૦ નવી કોલેજો તેમજ ૫૦૦ સરકારી સ્કૂલો બનાવવામાં આવશે. આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ દિલ્હીને બહેતર બનાવવા માટે ૭૦ મુદ્દાનો એજન્ડા જાહેર કર્યો છે. જેમાં સ્વરાજ, દિલ્હીને પૂર્ણ રાજ્યનો દરજ્જો, ચોખ્ખુ પાણી, સ્વચ્છતા, મહિલા સુરક્ષા, જાહેર સ્વાસ્થ્ય, ગ્રામ્ય વિસ્તારો તેમજ ગામડાને સ્વાવલંબી બનાવવા, દિલ્હીને ડ્રગ્સ ફ્રી બનાવવું અને ગામડાને મેટ્રો સાથે જોડવા ઉપરાં બેરોજગારી ઘટાડવા અને યમુના નદીનો ચોખ્ખી બનાવવાનો સમાવેશ થાય ચે. આમ આદમી પાર્ટીએ એવું પણ જાહેર કર્યુ હતું કે, તે જો સત્તા પર આવશે તો જન લોકપાલ બિલ પસાર કરશે. સાથે જ તે દિલ્હીને પૂર્ણ રાજ્યનો દરજ્જો અપાવશે. પક્ષે લોકોના વીજળીના બિલ અડધા કરી દેવાની તેમજ બધા લોકોને પોસાય તેવી કિંમતે ચોખ્ખુ પાણી પુરુ પાડવાનું જણાવ્યું હતું.

## શાઝિયા ઈલ્મી કિરણ બેદી કરતા ઘણી સુંદર છે : કાત્જુ

નવી દિલ્હી, તા.૩૧

સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ તેમજ હાલમાં પ્રેસ કાઉન્સિલના અધ્યક્ષની જવાબદારી સંભાળી રહેલા માર્કન્ડરાય કાત્જુએ ટ્વિટર પર ટ્વિટ કર્યુ હતું કે, ભારતીય જનતા પાર્ટીના મુખ્યપ્રધાન પદ માટેના ઉમેદવાર કિરણ બેદી કરતા શાઝિયા ઈલ્મી વધારે ખુબસુરત છે. જો ભાજપ શાઝિયાને મુખ્યમંત્રી પદની ઉમેદવાર જાહેર કરત તો તેની જીત નિશ્ચિત હતી. પૂર્વ જસ્ટિસ કાત્જુની આ ટ્વિટ્સ સોશિયલ મીડિયામાં ભારે ચર્ચાનો વિષય બની ગઈ હતી. તેમની આ



ટ્વિટ સામે અનેક લોકોએ પોતાનો વિરોધ કર્યો હતો. વિવાદાસ્પદ નિવેદન આપતા દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા વાતાવરણ ગરમાયું હતું. જો કે, પાછળથી કાત્જુએ પોતાની વાતને બદલીને જણાવ્યું હતું કે, મે ટ્વિટ મજાક તરીકે કરી હતી અને જે લોક મારી આ ટ્વિટથી નારાજ છે તેમને પોતાની વિચારસરણી વિકસાવવી જોઈએ. કાત્જુએપાછળથી ટ્વિટમાં જણાવ્યું હતુ કે, કેટલાક લોકોએ મારી છેલ્લી ટ્વિટ પર વિરોધ પ્રદર્શિત કર્યો હતો તેવા લોકો માટે મારો જવાબ છે કે તે લોકો પોતાની વિચારસરણી વિકસિત કરે. આ ટ્વિટ એક મજાકના રુપમાં હતી અને તેને મજાક રુપે જ જુએ. અત્રે ઉલ્લેખનીય છે કે, કાત્જુએ અગાઉ પણ આ પ્રકારના વિવાદાસ્પદ નિવેદન આપી ચુક્યા છે. થોડા દિવસો પહેલા તેમણે પોતાના બ્લોગમાં લખ્યું હતુ કે, તાજેતરમાં જ ક્રોએશિયામાં એક સુંદર મહિલા રાષ્ટ્રપતિ બની છે. કાત્જુએ લખ્યું છે કે, આર્થિક રીતે નબળા ક્રોએશિયામાં મિસ ગ્રૈબર કિટરોવિક રાષ્ટ્રપતિ બની શકે છે તો આપણે ત્યાં કેમ નહીં. તેમણે પોતાના બ્લોગમાં લખ્યું કે, હું ચૂંટમીમાં સુંદર મહિલાઓની પસંદગીને સમર્થન કરું છું. તેમણે લખ્યું હતું કે મારી સલાહ છે કે, આપણે કેટરીના કૈફને આગામી રાષ્ટ્રપતિ તરીકે પસંદ કરવી જોઈએ પરંતુ એક શરતે તે શપથગ્રહણ સમારંભમાં પોતાનું પ્રખ્યાત શીલા કી જવાની ગીત ગાય.

## ધોની પાસે નવા વિચોરનો ઘણો અભાવ : ગાવસ્કર

પર્થ, તા.૩૧

ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં ભારતને ટેસ્ટ બાદ વન-ડેમાં પણ મળેલ નામોસી ભર્યા પરાજયના કારણે ભૂતપૂર્વ ખેલાડીઓ નારાજ જણાઈ રહ્યા છે. હાર બદલ ટીકાકારો મહેન્દ્રસિંહ ધોનીને નિશાન બનાવી રહ્યા છે. ત્યારે ભૂતપૂર્વ ટેસ્ટ કેપ્ટન સુનિલ ગાવસ્કરે ધોનીની કેપ્ટનશીપ પર સવાલ ઉઠાવ્યા છે. એકસમયે ધોનીના સમર્થક ગણાતા ગાવસ્કરે જણાવ્યું હતું કે, હવે ધોની પાસે નવા આઈડીયાનો અભાવ જણાઈ રહ્યો છે. ગાવસ્કરે વધુમાં જણાવ્યું હતું કે, ઈંગ્લેન્ડ સામેની કરો યા મરો સમાન મેચમાં સ્ટુઅર્ટ બિન્ની પાસે ૧૦ ઓવર નહીં ફેંકાવવાનો ધોનીનો નિર્ણય આશ્ચર્યજનક હતો. બિન્નીએ ૮ ઓવરમાં માત્ર ૩૩ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. તેમ છતાં તેની પાસે બાકીની બે ઓવર કેમ ન નખાઈ તે મારી સમજની બહાર છે.સાથે જ ગાવસ્કરે એવી પણ આશા વ્યક્ત કરી હતી કે, ભારતીય ક્રિકેટ ટીમ આગામી મહિનાથી શરૂ થઈ રહેલ ક્રિકેટ વર્લ્ડકપમાં સારું પ્રદર્શન કરીને ટાઈટલ જાળવી રાખશે.

## દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ૧૧૭ અપરાધિક ઉમેદવારો

**દિલ્હીની ચૂંટણીમાં ૨૩૦ કરોડપતિ ઉમેદવાર છે**

નવીદિલ્હી, તા.૩૧

૭મી ફેબ્રુઆરીએ દિલ્હીમાં યોજાનારી ચૂંટણીમાં કુલ ૬૭૩ ઉમેદવારો લડી રહ્યા છે. જે પૈકી ૨૩૦ ઉમેદવારો કરોડપતિ છે જેમાં સૌથી વધુ કોંગ્રેસના છે. આ ૬૭૩ ઉમેદવારોમાંથી નવ ટકા એટલે કે ૬૨ મેદવારોની સંપત્તિ૧૦ કોરડ રૂપિયા કરતા વધારે છે. જાણકારી પ્રમાણે કોંગ્રેસના કુલ૭૦ ઉમેદવારોની જાહેર સંપત્તિ ૯.૬૦ કરોડ રૂપિયા, આપના ઉમેદવારોની ૮.૮૯ કરોડ રૂપિયા, બહુજન સમાજ પાર્ટીના ઉમેદવારોની ૨.૧૬ કરોડ રૂપિયા તથા ભાજપના ૬૯ ઉમેદવારોની સરેરાશ સંપત્તિ ૭.૯૬ કરોડ રૂપિયા છે. હંમેશા સ્પષ્ટ અને સ્વચ્છ રાજનીતિ કરવાનો દાવો કરનાર આમ આદમી પાર્ટીએ ચૂંટણીમાં જીત મેળવવા માટે ગુનાહિત ભૂતકાળ ધરાવતા ઉમેદવારોની પણ ટિકિટ આપી છે. હાલમાં જાહેર થયેલા એક અહેવાલ પ્રમાણે ચૂંટણી જંગમાં ઉતરેલા આપના ૭૦ ઉમેદવારોમાંથી ૨૦ ટકા એટલે કે ૧૪ ઉમેદવારો એવા છે જેમના વિરુદ્ધ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

આ ચૂંટણીમાં તમામ રાજકીય પક્ષોના મળીને કુલ ૧૧૭ જેટલા દાગી ઉમેદવારો છે. આ રિપોર્ટ પ્રમાણે ચૂંટણી લડનારા ૬૭૩ ઉમેદવારોમાંથી ૧૧૭ જેટલા ઉમેદવારો વિરુદ્ધ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા છે. ૭૪ ઉમેદવારો વિરુદ્ધ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આઠ ઉમેદવારોએ તો શપથપત્રમાં તેમની વિરુદ્ધ નોંધાયેલા મહિલા અત્યાચાર સંબંધિત મામલાઓની જાણકારી આપી છે. દિલ્હીની વિધાનસભાની ચૂંટણીમાં સુશીલકુમાર મિશ્રા બુરાડી સીટ પરથી અખિલ ભારત હિંદુ મહાસભાની ટિકિટ પર ઉમેદવાર છે. તેઓ એકમાત્ર એવા ઉમેદવાર છે જેમણે પોતાની સંપત્તિ શૂન્ય જાહેર કરી છે. મટિયાલા સીટ પરથી શ્રેષ્ઠતમ રાષ્ટ્ર પાર્ટીની ટિકિટ પર ચૂંટણી લડી રહેલા રામચરણ સાહનીએ પોતાની સંપત્તિ ૧૦૦ રૂપિયા જાહેર કરી છે. ચૂંટમઈના મેદાનમાં ઉતરેલા ૬૭૩ ઉમેદવારોમાંથી ૩૭૩ (૫૬ ટકા) ઉમેદવારો એવા છે જે માત્ર ૧૨ ધોરણ સુધી ભણ્યા છે. ૨૬૫ (૩૯ ટકા) ઉમેદવારો સ્નાતક અથવા તો તેનાથી વધારે ભણતર ધરાવે છે. ૧૧ ઉમેદવાર એવા છે જેમણે પીએચડી સુધી અભ્યાસ કર્યો છે જ્યારે ૨૬ ટકા નિરક્ષર છે.

## પાકિસ્તાનમાં થયેલ હુમલાનો મૃત્યુઆંક વધી ૬૧ પહોંચ્યો

ઈસ્લામાબાદ, તા.૩૧

પાકિસ્તાનમાં શુક્રવારે મોડી સાંજે થયેલ હુમલાનો મૃતાંક વધીને ૬૧ થઈ ગયો છે. પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં શિકરપુર વિસ્તારમાં શિયા મસ્જિદમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૬૧ લોકોના મોત થયા છે જ્યારે ૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ઘાયલોમાં હજી પણ કેટલાકની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. જેના કારણે મૃતાંક વધે તેવી આશંકા વ્યક્ત કરાઈ રહી છે. છેલ્લા કેટલાક સમયથી થયેલ હુમલાઓમાં આ સૌથી ઘાતકી હુમલો ગણવામાં આવી રહ્યો છે. કરાંચીથી લગભગ ૪૭૦ કિલોમીટર દૂર શિકરપુર નજીક આ વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. વિસ્ફોટના કારણે શિયા ઈમામબારગાહની અગાસી તૂટી પડી હતી જે નીચે નમાજ પઢી રહેલ લોકો પર પડતાં લોકો દટાયા હતા. આ હુમલો થયો ત્યારે મસ્જિદમાં ૪૦૦થી વધુ લોકો હાજર હતા. જે પૈકી મોટાભાગના લોકો કાટમાળ નીચે દટાયા હતા. જોકે, તેમને બચાવ કામગીરી કરી સલામત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી. વિસ્ફોટનો અવાજ અનેક કિલોમીટર સુથી સંભળાયો હતો. મૃતકોમાં મોટાભાગના બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે.

હુમલા બાદ ઘટના સ્થળે અફળાતફળીનો માહોલ સર્જાયો હતો. વરિષ્ઠ પોલીસ અધિકારી અબ્દુલ્લા મેહરે જણાવ્યું હતું કે, આ ઈમામબારગાહની અંદર થયેલ વિસ્ફોટ રિમોટ કંટ્રોલની મદદથી કરવામાં આવ્યો હતો. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે, મસ્જિદની છત સંપૂર્ણરીતે તુટીને નીચે પડી હતી જેની નીચે દબાવવાથી ૬૧ લોકોના મોત થયા છે. તાજેતરમાં જ તાલિબાનથી અલગ પડેલ જુંદલ્લાહ આતંકી સંગઠને આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. બીજીબાજુ પાકિસ્તાનના વડાપ્રધાન નવાજ શરીફે હુમલાની આકરા શબ્દોમાં નિંદા કરી છે.

**દિલ્હીમાં મોદીએ ચુંટણીનું રણશીંગુ ફુંક્યુ**

## સમગ્ર વિશ્વની નજર અત્યારે દિલ્હીવાસીઓ ઉપર : મોદી

નવી દિલ્હી, તા.૩૧

દિલ્હી વિધાનસભાની ચુંટણીનો પ્રચાર વેગવંતો બન્યો છે ત્યારે વડાપ્રધાન મોદીએ આજે રેલીને સંબોધન કરી પ્રચારનું રણશીંગુ ફુંક્યું હતું. વડાપ્રધાન મોદીએ કડકડ્ડુમામાં સાંજના સમયે ચુંટણીસભાને સંબોધી હતી. આ સભામાં મોદીએ ઉપસ્થિત જનમેદનીને ભારતીય જનતા પાર્ટીના દિલ્હીના મુખ્યમંત્રી પદના ઉમેદવાર કિરણ બેદી માટે વોટ આપવા અપીલ કરી હતી. મોદીએ જણાવ્યું હતું કે, આ ચુંટણી માત્ર દિલ્હીની જ નથી પરંતુ સમગ્ર ભારત પ્રત્યેની ઉંડી છાપ પડવાની છે. વિશ્વની નજર અત્યારે દિલ્હી પર મંડરાયેલી છે. છેલ્લા ૭ મહિનાથી દિલ્હીમાં વસવાટ કરતો હોવાથી હું પણ હવે દિલ્હીવાસી જ છું. પરંતુ અહીં તમારા આંમત્રણથી આવ્યો છું જો તમે સાતેય સાંસદોને ચુંટીને ન મોકલ્યા હોત તો હું વડાપ્રધાન




બની શક્યો નહોત. ત્યારે ફરી એક વખત તમારી પાસે મત માંગવા માટે આવ્યો છું. મોદીએ પોતાના ભાષણ દરમિયાન એકપણ વખત આમ આદમી પાર્ટીનું નામ લીધું નહતું. તેમ છતાં આડકતરી રીતે તેમના પર શાબ્દિક પ્રહારો કર્યા હતા. મોદીએ જણાવ્યું હતું કે, નવા-નવા ઉભા થયેલા પક્ષે ડિપોઝીટ જપ્ત થવાનો રેકોર્ડ બનાવ્યો છે. દિલ્હીવાસીઓએ જેમના પર વિશ્વાસ મુક્યો હતો તેમણે જ તેમના સપનાને તોડ્યા છે. દિલ્હીવાસીઓએ સાતેય લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવારોને વિજેતા બનાવી તેમને જડબાતોડ જવાબ આપ્યો હતો. જનતા વારંવાર છેતરાતી નથી. મોદીએ વધુમાં ઉમેર્યુ હતું કે, ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફરથી ભ્રષ્ટાચાર ઘટ્યો છે. સ્કિલ ઈન્ડિયા કાર્યક્રમ દ્વારા યુવકોને રોજગારી મળી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દિલ્હીને અમે વર્લ્ડક્લાસ સિટી બનાવવા માંગીએ છીએ આ માટે તમારી પાસે વોટ માંગવા આવ્યો છું.

## કરિશ્મા-સંજય હવે વચ્ચે સમાધાનની શક્યતા નથી

મુંબઈ,તા. ૩૧

કરીશ્મા કપુર અને સંજય કપુર વચ્ચે હવે સમાધાન થાય તેવી શક્યતા નહીવત દેખાઈ રહી છે. નજીકના સુત્રોનું કહેવું છે કે, પરિવારના કેટલાક સભ્યોને આશા દેખાઈ રહી છે પરંતુ તેમની વચ્ચે હવે સમાધાન ખૂબ જ મુશ્કેલ છે. કરિશ્મા કપુર અને સંજય કપુર મુંબઈમાં ફેમેલી કોર્ટમાં પારસ્પરિક મંજુરી સાથે છુટેછેડા માટે અપિલ દાખલ કર્યાને પાંચ મહિનાનો સમય થઈ ગયો છે. કાયદા મુજબ છૂટાછેડા મેળવનાર દરેક દંપત્તિને છ મહિનાનો સમય આપવામાં આવે છે. આ છ મહિનાના ગાળામાં સમાધાનના પ્રયાસ કરવામાં આવે છે. બીજીબાજુ કરિશ્મા કપુરનું પ્રતિનિધિત્વ કરી રહેલા વકીલ ક્રાંતિસાઠેનું કહેવું છે કે હજુ સુધી સમાધાન માટેના કોઈ પ્રયાસ થયા નથી. જો છ મહિના પુરા થઈ જશે તો બન્ને પક્ષોને અંતિમ વાતચીત માટે બોલાવવામાં આવશે. પરિવારને હજુ આશા દેખાઈ રહી છે કે, સંજય કપુર હજુ સુધી સમાધાનના મુડમાં દેખાઈ રહ્યો નથી વ્યક્તિગતો દ્વારા પોતપોતાના સ્તર પર પ્રયાસો થઈ રહ્યા છે.

## સમાચાર ઝલક

- સુરત ટેક્ષટાઈલ માર્કેટમાં મંદીનો માહોલ. લગ્નસરા પણ નબળી રહી.
- સુરતમાં પોલીસ કોન્સ્ટેબલ પીધેલી હાલતમાં હોવાથી લોકોએ શુટીંગ ઉતાર્યુ.
- ગોંડલમાં બીજા ધોરણના વિદ્યાર્થીએ શિક્ષિકા પર પથ્થરથી હુમલો કરી લોહી લુહાણ કરી.
- ટાટા નેનોના વેચાણમાં ધરખમ ઘટાડાથી અલવિદાના એંધાણ.
- રાજકોટમાં એક જ દિવસમાં ગણેશ ભક્ત બે સગા ભાઈઓનું અકાળે મોત.
- જુનાગઢમાં શબવાહિનીના ટાયરો તસ્કરો કાઢી ગયા.
- આજે ગુજરાતમાં વિશ્વકર્મા પ્રાગટ્ય દિન ઉજવાશે.
- નવજીવન ટ્રસ્ટે યુવાનોને આકર્ષવા કાફે શરુ કરી. ગાંધીજીના પુસ્તકો પણ મળશે.
- એસ.ટી.ના ભાડા ઘટાડવાની કવાયત શરૂ.
- અયોધ્યામાં રામમંદિર નિર્માણ માટે યોજાશે રામ મહોત્સવ.
- પહેલી વખત ટ્રાફિકનો નિયમ તોડનારને દંડ ઓછો કરાશે.
- કાશ્મીરમાં ૨૫ વર્ષથી દરરોજ એક સૈનિક શહીદ થાય છે. બે નાગરિકોના જાન જાય છે.
- હવે નંબરવાળા ગોગલ્સ મળશે. શોધ કરાઈ.

## ઈ-ટેલર્સ ટુંકમાં કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ હેઠળ હશે

નવી દિલ્હી,તા. ૩૧

દેશભરમાં ઈ-કોમર્સ કારોબાર રોકેટગતિએ વધી રહ્યો છે ત્યારે સરકારે કેટલીક નવી હિલચાલ હાથ ધરી છે. જેના ભાગરૂપે ઈ-ટેલર્સને હવે કન્ઝ્યુમર પ્રોટેક્શન હેઠળ લાવવાની તૈયારી ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે. આ વિભાગે કેબિનેટ દરખાસ્ત તૈયાર કરી લીધી છે. જે હેટળ ઈ-ટેલર્સને કન્ઝ્યુમર પ્રોટેક્શન કાયદા હેઠળ લઈ લેવાશે. ફ્લિપકાર્ટ, અમેઝોન, મેકમાઈ ટ્રીપ, બુક માય શો જેવા ઈ-ટેલર્સ સામે કેટલીક જોગવાઈ લાગુ કરવામાં આવનાર છે. તેમની પ્રવૃતિ પર નજર રાખવામાં આવનાર છે. જોગવાઈમાં કેટલીક નક્કર વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જેના કારણે સામાન્ય લોકોને રાહત થઈ શકશે. આની જોગવાઈ કડક છે. જેના ભાગરૂપે જો ટેલિશોપર્સ અને ઈ-ટેલર્સ ખરાબ વસ્તુ અથવા તો ખામીવાળી વસ્તુ પરત મેળવી લેવામાં આનાકાની કરશે અને એક મહિનાની અંદર પણ ગ્રાહક દ્વારા આપવામાં આવેલી રકમ પરત નહી કરે તો આવી કંપની સામે કાર્યવાહી કરવામાં આવશે. ગ્રાહક દ્વારા વિનંતિ કરવામાં આવ્યા બાદ ખામીવાળી વસ્તુઓ પરત લેવી પડશે. ઈ-કોમર્સનો કારોબાર દેશમાં વધી રહ્યો છે ત્યારે લોકોને વધારે પરેશાની ન થાય તે માટે આ હિલચાલ હાથ ધરાઈ ચે. ઓનલાઈન ખરીદી અને ચીજવસ્તુઓ અને સર્વિસના વેચાણની પ્રક્રિયા વચ્ચે આ હિલચાલ હાથ ધરવામાં આવી છે. ચીજોને બદલી નાંખવાની બાબત જરૂરી રહેશે. કારણ કે અનેક ગ્રાહકો હાલમાં ઓનલાઈન ખરીદી કરી રહ્યા છે. સાથે સાથે ટેલિ માર્કેટિંગમાં ખરીદી કરી રહ્યા છે. જાહેરાતોમાં ધ્યાન આપવામાં આવ્યા બાદ આ ખરીદી કરવામાં આવી રહી છે. આવી સ્થિતીમાં ખરીદાર અને વેચનાર વચ્ચે સીધી વાતચીત શક્ય બનશે. ગ્રાહકોને કેટલીક સુચના આપવામાં આવી છે.

## અગ્નિ-૫ સરળ રીતે સ્ટોર કરી શકાય છે

બાલાસોર,,તા. ૩૧

અગ્નિ-૫ મિસાઈલ ભારતના ડીઆરડીઓ દ્વારા અગ્નિ-૫ મિસાઈલનું આજે સવારે ઓડિસાના બાલાસોર ખાતે ત્રીજીવખત સફળ પ્રક્ષેપણ કર્યું હતું. ભારતમાં સ્વદેશી રીતે નિર્મિત અગ્નિ ૫ મિસાઈલનું બાલાસોર તટ પરથી આજે સફળ પરિક્ષણ કરવામાં આવતા ભારત હવે પાંચમો એવો દેશ બની ગયો છે જેની પાસે બેલાસ્ટિક મિસાઈલ હોય. ૫૦૦૦ કિમીથી વધુ અંતર સુધી પરમાણઉ શસ્ત્રો વહન કરવાની અને તેના પ્રહાર કરવાની ક્ષમતાધરાવતુંઆ બેલાસ્ટિક મિસાઈલને મોબાઈલ પ્રક્ષેપણ સિસ્ટમથી છોડવામાં આવ્યું હતું. ઈન્ટરકોન્ટીનેટર બેલાસ્ટીક મિસાઈલ અગ્નિ-૫ની ક્ષણતા ૫૦૦૦ કિલોમીટર સુધી વધારી શકાય છે. આ મિસાઈલ ચીનના મોટાભાગના શહેરો સુધી ત્રાટકવામાં સક્ષમ છે.

## શતાબ્દી ટ્રેનમાં મોદી-શાહના ફોટાવાળા ચાના કપથી વિવાદ

નવી દિલ્હી, તા.૩૧

દિલ્હી-અમૃતસર શતાબ્દી ટ્રેનમાં મુસાફરી દરમિયાન જે કપમાં ચા આપવામાં આવી રહી છે તેના ઉપર વડાપ્રધાન મોદી અને ભાજપના અધ્યક્ષ અમિત શાહનો ફોટા ચોંટાડેલા હતા. જેને જોઈ કેટલાક મુસાફરો આશ્ચર્યચકિત પણ થયા હતા. આ અંગેની વિગત સામે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ત્યારે રેલવે તંત્રએ સમગ્ર મામલે દખલગિરી કરીને મામલો થાળે પાડ્યો છે.

રેલવેએ દરમિયાનગીરી કરીને આ કપની વહેંચણી ન કરવા માટે કેટરિંગ કોન્ટ્રાક્ટરને ચેતવણી આપી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ભારતીય જનતા પાર્ટી દ્વારા અત્યારે રાષ્ટ્રવ્યાપી સભ્ય નોંધણી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. મોદી વડાપ્રધાન બન્યા બાદ તેમણે નવેસરથી ભાજપની સભ્યપદની નોંધણીનો પ્રારંભ કરાવ્યો છે. આ સભ્યપદ નોંધણીમાં રેકોર્ડ બ્રેક સભ્યોની નોંધણી કરાવવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. શતાબ્દી એક્સપ્રેસમાં મુસાફરોને આપવામાં આવતા ચાના કપ પર વડાપ્રધાન મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના ફોટા દર્શાવાયા હતા. જેને લઈ મોટો વિવાદ પેદા થઈ ગયો હતો. આ કપ પર લખવામાં આવ્યું છે કે, ભાજપ કે સદસ્ય બને સાથ આયે, દેશ બનાયે. તેમજ લોકોને ભાજપના સભ્ય બનવા અપીલ કરવામાં આવી છે. જેને લઈ ભારે વિવાદ સર્જાયો છે. આ મામલે વિવાદ વધુ વકરતા રેલવે વિભાગે દરમિયાનગીરી કરી છે અને આ કંપની વહેંચણી હવે ન કરવા રેલવે કર્મચારીઓને સુચના આપવામાં આવી છે.